MORVA POLICE STATION - PANCHMAHALS DISTRICT
*CC/2375/2022*
**Government of Gujarat Vs.HIRABEN W/O KIRANBHAI PARSIGBHAI SANGADA**
**//આંક – ૦૧ લગત હુકમ//**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૨૧/૦૮/૨૦૨૨ ના રોજ મોજે ગામ મોરવા(હ)સંગાડા ફળીયામાં આરોપી ગેરકાયદેસર, પાસપરમીટ વગર, પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાના ઘરમાં દેશી દારૂ લીટર ૦૪ કિંમત રૂા. ૮૦/– નો રાખી રેડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવા બાબતની આ કામના ફરીયાદીએ ફરીયાદ આપતા તપાસના અંતે આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવા જણાતા હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજુ થતાં, આરોપીને કોર્ટ રુબરુ હાજર રહેવા સારુ સમન્સ કરતા આરોપીને હાજર થયેલ હોય આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપેલ હોવાની ખાતી કર્યા બાદ ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૦ મુજબ આંક – થી આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એએ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલ જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આંક – મુજબ આરોપીની પ્લી લેતા તેમાં તેઓએ તહોમતનામાં મુજબનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અને અગલથી આંક – થી ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને પોતે ગરીબ વર્ગના માણસ હોય અને પ્રથમ ગુન્હો હોય, તેમને કેદની શિક્ષા કરવામાં આવશે તો તેમના કુટુંબી જનો અને બાળકોને ભુખે મરવાનો વારો આવશે તેમ જણાવેલ છે. અને કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓ આવો ગુન્હો કરી બેસેલ છે. હવે પછીથી આવા પ્રકારના ગુન્હાનુ પુનરાવર્તન નહી થાય તેની ખાત્રી આપે છે. અને તેમના ઉપર દયા દ્રષ્ટિ રાખવા વિનંતિ કરેલ છે.

(૩) આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાતરી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળબચ્ચાવાળા માણસ હોઈ આર્થિક પરિસ્થિતિ અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય આરોપીની પરિસ્થિતિ અને નબળા સંજોગો ધ્યાને લેતા તાજેતરમાં જે સુધારો ગુજરાત સરકાર તરફથી

કરવામાં આવેલ છે , તેની સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતમાં થઈ રહેલ છે, તેમ જ આ પ્રકારના કેસો ઝડપથી પુરા કરવા સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામાં આવી રહેલ છે , તથા પ્રોહીબીશન કાયદાને લગતા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે વિવિધ સરકયુલરો બહાર પાડવામાં આવેલા છેતે વંચાણે લીધા. વધુમાં આરોપી તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ વંચાણે લીધી. જેમાં તે જણાવે છેકે પોતે ખુબ જ ગરીબ પરિસ્થીતીના છે. તેઓનવા કાયદા મુજબ દંડ ભરી શકે તેમ નથી. જો ખુબ જ દંડ કરવામાં આવશે તો તેમના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે. તેમજ અવાર નવાર સ્પેશ્યલ સીટીંગો નં આયોજન કરી આ પ્રકારના કેસો શોધી કાઢી પુરા કરવા માટે જે સુચનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવમાં આવી રહેલ છે તે હકીકત લક્ષમાં રાખતા સાથોસાથ આરોપીએ અદાલત રૂબરૂ મૌખીક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ વધુ આકરો દંડ કે જેલની સજા કરવામાં આવેતો આરોપી ઉપર તેના કુટુંબના ભરણ પોષણ નો આધાર રહેલ હોઈ આરોપી જેલમાં જાય તો તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમાં મોકલવાનુ ઉચિત જણાણુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામાં આવે તો તેના પરીવાર ના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છેતે રકમ દંડ પેટે સરકારમાં ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવું પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતું નથી, જેથી ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને કરી વધુ પડતા ટેકનીકલ નહી થતા આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતું હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનું હિત જળવાશે તેમ જણાતું હોઈ તેમજ આરોપીની ઉંમર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેની કબુલાત પુરસીસની હકીકતો અને તેમના ઉપરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટ ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2001(1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખતા ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામાં આવતી નથી અને ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એએ મુજબના ગુન્હાના કામેથી ગુન્હો કબુલ કરતા હોય તકસીરવાન ઠરાવામાં આવે છે. આરોપીએ રૂા. ૧૦૦/- (અંકે રૂપીયા એકસો પુરાનો) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીના સમય સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૭ (સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવો.

(૩) આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી કાયમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યે આરોપીના જામીન તથા જાત મુચરકારદૃ ગણવા.

હુકમ આજરોજ તા. ૧૨ મી માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મોરવા (હ).
તા. ૧૨/૧૧/૨૦૨૨

**(ડાભી કેતનકુમાર અશોકભાઈ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,મોરવા (હ)
જજ કોડ : જીજે ૦૧૨૮૯